

ગુજરાતના જાણીતા સાહિત્યકાર હાસ્યવિદ ચિત્રસેન શાહના 'વરઘોડો- વનેચંદના પુત્રનો' નામક પુસ્તકનો લોકાપર્ણ સમારોહ તથા 'જ્યોતિન્દ્ર દવે સાહિત્યશ્રી એવોર્ડ' અર્પણ વિધિ કાર્યક્રમ સાંજે ૫.૦૦ કલાકે બ્રહ્માણીકૃપા હોલ, કડી કૅમ્પસ, સેક્ટર-૨૩ ખાતે યોજાયો હતો.

# છાલાના જૈન દેરાસરનાં તાળાં તોડી ૨.૯૫ લાખની ઘરફોડ

## દેરાસરના બબ્બે દરવાજાનાં તાળાં તોડ્યાં ચાંદીનાં આભૂષણો અને દાનપેટીની ઉઠાંતરી કરીને તસ્કરો ફરાર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલા છાલા ગામનાં સ્થિત વર્ષો જૂનાં જૈન દેરાસરમાં તસ્કરોએ ગત રાત્રી દરમ્યાન ચાંદીના આભુષણો તથા દાનપેટીની ઉઠાંતરી કરી તરખાટ મચાવી દીધો છે. દેરાસરના મુખ્ય દરવાજા સહીત બબ્બે દરવાજાના તાળા તોડીને તસ્કરો રૂ. ૨.૮૫ લાખનાં ચાંદીના આભુષણો તથા દાનપેટીમાંથી રોકડ રૂ. ૧૦ હજાર મળીને કુલ રૂ. ૨.૯૫ લાખની મત્તાની ઘરફોડ ચોરી કરી ગામમાંથી સરકી ગયા હતા. ચિલોડા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી પી.આઈ. બી.સી. ઠક્કરે સઘન તપાસ શરૂ કરી છે.

છાલા ગામમાં આવેલા જૈન દેરાસરમાં નરોડા ખાતે રહેતા પ્રવિણચંદ્ર બેચરદાન ગાંધી છેલ્લા ઘણા સમયથી પુજારી તરીકે સેવા આપે છે. ગઈકાલે રાતે ૧૦ વાગ્યાના અરસામાં દેરાસરને તાળા મારીને તેઓ ઘરે ગયા અને વહેલી સવારે ૬.૩૦ વાગ્યે પરત આવ્યા ત્યારે જોયું તો દેરાસરના મુખ્ય દરવાજાનું તાળુ તુટેલુ હતુ.

રાત્રીના આ સમયગાળા દરમ્યાન ગામના વચ્ચોવચ વિસ્તારમાં આવેલા જૈન દેરાસરના મુખ્ય દરવાજા ઉપરાંત અંદરનો એક દરવાજો મળીને બન્ને દરવાજાના તાળા તોડીને ઘરફોડ ચોરી કરી લીધી હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. દેરાસરની અંદર ઘુસીને ભગવાનના પાછળ લગાવાયેલા દોઢ કીલો વજનનો ચાંદીનો ભા-મંડળ (કિં.રૂ. ૧,૦૫,૦૦૦), ૧ કિલો વજનના ૬૦ હજારની કિંમતના ચાંદીના ચાર નંગ છત્ર, ૧ કીલો ૯૦૦ ગ્રામ વજનના દોઢ લાખ કિંમતના ૩ નંગ નાના અને એક નંગ મોટુ ચાંદીના છત્તર સહિતના આભુષણો ઉપરાંત દાનપેટીમાંથી રૂ. ૧૦ હજાર રોકડા મળીને કુલ રૂ. ૨.૯૫ લાખની મત્તાની ઘરફોડ કરી ગયા હતા. ચિલોડા પોલીસે પુજારીની ફરીયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ડૉગ સ્કવોર્ડ તથા ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત બોલાવી પી.આઈ. બી.સી. ઠક્કરે વૈજ્ઞાનિક ઢબે તપાસ શરૂ કરી છે.

# શ્રીમદ્ ભાગવત સપ્તાહના પ્રથમ દિને ભાવિક ભક્તોએ કથા શ્રવણનો લાભ લીધો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં જાણીતા કથાકાર કર્ણવભાઈ જોષીની વ્યાસપીઠે શ્રીમદ્ ભગવત સપ્તાહનો પ્રારંભ થયો છે ત્યારે કથાના પ્રથમ દિવસે કર્ણવભાઈ જોષીએ પોતાની આગવી શૈલીમાં પ્રભુ અને વ્યક્તિ જીવન શૈલીને દિવ્યવાણી દ્વારા વ્યક્ત કરી હતી. કલિયુગમાં માત્ર પ્રભુ નામ સંકીર્તનથી જ માણસાનો ઉદ્ધાર થઈ જાય છે તેમ તેઓએ સ્પષ્ટ કર્યુ હતું. કથા શ્રવણ માટે ગાંધીનગર અને તેની આસપાસના ભક્તજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહમાં વ્યાસપીઠાધિકારીએ ઈશ્વરનો મહિમા કરતા જણાવ્યું હતું કે, સત્શાસ્ત્રો માણસને કેવી રીતે જીવવું ?, કેવી આદર્શ જીવન શૈલી હોવી જોઈએ ? વગેરે શીખવે છે. જેમ સૂર્ય કદી આથમતો નથી કે ઊગતો નથી. માત્ર આપણને તેવું લાગે છે. તેવી જ રીતે પરમાત્માનું કદી જન્મ કે મરણ થતું નથી. જેમ નાટક કે ફિલ્મના ડાયરેક્ટર કલાકારને પોતાનું પાત્ર કેવી રીતે ભજવવું તે બતાવવા પ્રત્યક્ષ અભિનય કરીને બતાવે છે તે પ્રમાણે પ્રભુ પણ માણસને કેવી રીતે જીવનના મૂલ્યો સાથે જીવવું ? તે શીખવવા અવતાર ધારણ કરીને આવે છે અને જીવન જીવી બતાવે છે. કળિયુગમાં માણસનો ઉદ્ધાર માત્ર પ્રભુનામ સંકીર્તનથી જ થઈ જાય છે.

# સિદ્ધુએ કરેલા કટાક્ષ સામે ગુજરાત પરિવર્તન પાર્ટીના સભ્યોનો આક્રોશ

## જીપીપીના કાર્યકરોએ નવજોત સિંઘ સિદ્ધુના પૂતળાનું દહન કરી વિરોધ વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૨

ગુજરાત પરિવર્તન પાર્ટીના કાર્યકરોએ આજે ભાજપના સાંસદ નવજોતસિંઘ સિદ્ધુનું પૂતળું બાળીને તેની સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ગુજરાતમાં પ્રચાર માટે આવેલા ભાજપના સાંસદ અને પૂર્વ ક્રિકેટર નવજોતસિંઘ સિદ્ધુએ ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલ સામે દેશદ્રોહી હોવાનો ગંભીર આક્ષેપ કરતાં વિવાદ સર્જાયો છે.

ચૂંટણી સભામાં પોતાના પ્રવચન દરમ્યાન નવજોતસિંઘ સિદ્ધુએ કેશુભાઈ પટેલ માટે કરેલા વાણીવિલાસથી પટેલ સમાજમાં અને ગુજરાત પરિવર્તન પાર્ટીના કાર્યકરોમાં રોષ ઊઠવા પામ્યો છે.

નવજોતસિંઘ સિદ્ધુ સામે રોષ વ્યક્ત કરવા માટે આજે પૂતળા દહનનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. આજે અમદાવાદમાં આશ્રમ રોડ પર ગુજરાત પરિવર્તન પાર્ટીના કાર્યકરોએ નવજોતસિંઘ સિદ્ધુના પૂતળાનું દહન કરીને વિરોધ વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર, તા. ૨

ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રદેશ મહામંત્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, નવજોત સિદ્ધુ એક ગુનેગાર છે અને તેને જેલ પણ થઈ હતી. આવી ગુનેગાર વ્યક્તિ ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી તથા સજ્જન કેશુભાઈ પટેલ વિશે અવિવેકી વાણી ઉચ્ચારે છે તે યોગ્ય નથી.

જેમના જીવનમાં ક્યારેય દાગ લાગ્યો નથી તેવા કેશુભાઈ પટેલ સામે એક પણકેસ નોંધાયેલો નથી તેવા વ્યક્તિ સામે અભદ્ર અને હલકી કક્ષાના કહી શકાય તેવા રાષ્ટ્રદ્રોહી ઉચ્ચારણો બાબતે ગુજરાતના દરેક જાતિના લોકોમાં જબરજસ્ત રોષ ફાટી નીકળ્યો છે. જેથી સિદ્ધુ જો માફી નહી માંગે તો તેને ગુજરાતમાં પ્રવેશવા નહી દેવાય તેવી ધમકી ગુજરાત પરિવર્તન પાર્ટીના અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ મહામંત્રી મધુકર પરમાર અને પ્રદેશ મહિલા મોરચાના મંત્રી બકુલાબેન પરમારે આપી છે.

# સાદરા રૂટની સિટી બસ બંધ કરી દેવાતાં ગ્રામજનોને હાલાકી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સાદરા રૂટ પર દોડતી વિટકોસની સિટી બસ બંધ કરી દેવાતાં સ્થાનિક અપ-ડાઉનકર્તાઓએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. જ્યારે એસટી તંત્ર દ્વારા પણ આ રૂટ પર નિયમીત બસ સેવા ન ગોઠવાતાં સાદરાના ગ્રામજનોએ ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવાની ફરજ પડતી હોવાનો પ્રબળ રોષ વ્યક્ત કર્યો છે.

શહેરનાં સેક્ટરોમાં દોડતી વિટકોસની શહેરી બસ સેવાને શહેર નજીકના ગ્રામ વિસ્તાર સાથે સાંકળી લેવામાં આવી છે, જેના કારણે આસપાસના ગ્રામજનોને ગાંધીનગર આવવા માટે સરળ રીતે વાહન સેવા ઉપલબ્ધ થાય છે. પરંતુ સાદરા અને દોલારાણા વાસણા ગામ તરફ જતી સિટી બસ છેલ્લા પંદર દિવસથી બંધ કરી દેવાતાં ગ્રામજનોની મુશ્કેલી વધી છે. કલેક્ટર કક્ષાએથી મંજૂરી વિના શહેરી બસનો આ રૂટ શરૂ કરી દેવાતાં એસટી તંત્ર દ્વારા વાંધો ઉઠાવાયો હોવાથી સિટી બસ બંધ કરી દેવાઈ હોવાની વાત પણ ગ્રામજનોમાં ચર્ચાઈ રહી છે. અગાઉ ગાંધીનગર અને સાદરા રૂટ વચ્ચે પેસેન્જર્સની સંખ્યાને ધ્યાને લઈ નિયમિત સિટી બસ સેવા પુરી પાડવામાં આવતી હતી. પરંતુ અચાનક જ સિટી બસ બંધ કરી દેવાતાં રોજ-બ-રોજ મુસાફરી કરતા વિદ્યાર્થીઓ સહિત અન્ય મુસાફરોને વલખાં મારવાનો વારો આવ્યો છે. અને આ કારણે નાછૂટકે મુસાફરોને ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવાનો વારો આવ્યો છે.

એસટી તંત્ર દ્વારા પણ રવિવારે સવારની બસ બંધ કરી અઠવાડિયામાં માત્ર બે જ બસ દોડાવાની હોવાનું અપડાઉનકર્તાઓ જણાવી રહ્યા છે. આવા સંજોગોમાં ગ્રામજનોએ બસ સેવાના અભાવે રોજ-બ-રોજ હાડમારી વેઠવી પડે છે. ત્વરિત અસરથી આ રૂટ પર સિટી બસ સેવા શરૂ કરવા સ્થાનિકવાસીઓએ પ્રબળ માંગ કરી છે.

# પરિવર્તન પાર્ટીના હોદ્દેદારોની વરણી



ગાંધીનગર, તા. ૨

ગુજરાત પરિવર્તન પાર્ટીના સ્થાપક અને અધ્યક્ષ કેશુભાઈ પટેલ દ્વારા તાજેતરમાં ગુજરાત પરિવર્તન પાર્ટીના અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ મહામંત્રી અને પ્રદેશ મહિલા મોરચાના મંત્રીની વરણી કરવામાં આવી હતી. જી.પી.પી.ના પ્રદેશ મંત્રી એમ.આર. પટેલની ભલામણથી પાર્ટીના સ્થાપક અને અધ્યક્ષ કેશુભાઈ પટેલ દ્વારા ગુજરાત પરિવર્તન પાર્ટી, અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ મહામંત્રી તરીકે મધુકર પરમાર અને બકુલાબેન પરમારની પ્રદેશ મહિલા મોરચાના મંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. ગુજરાત પરિવર્તન પાર્ટીના કાર્યકરો અને હોદ્દેદારોએ તેમના આ નિમણુંકને આવકારી અભિનંદન પાઠવ્યા છે.

# મકાનમાં ચાલતાં દારૂના અડ્ડા પર એસ.ઓ.જી.ની ટીમનો દરોડો

## નાસ્મેદ ગામેથી ૧૭ હજારનો દારૂ-બિયર જપ્ત કરી બુટલેગરની ધરપકડ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા ખાતે આવેલા નાસ્મેદ ગામમાં એક મકાનમાં દારૂનો વેપલો ચાલી રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે દરોડો પાડી મકાનમાંથી એક પછી એક ૨૧ નંગ વિદેશી દારૂની બોટલો અને ૯ નંગ બીયરના ટીન મળીને રૂ. ૧૭,૧૦૦ની કિંમતનો જથ્થો ઝડપી પાડી બુટલેગરની ધરપકડ કરી લીધી હતી. કલોલ તાલુકા પોલીસમથકે તેના વિરૂદ્ધમાં પ્રોહીબીશન એક્ટનો ગુનો નોંધી એસ.ઓ.જી.એ તપાસ શરૂ કરી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી અનુસંધાને જીલ્લા પોલીસ લીસ્ટેડ બુટલેગરો સહીત છુટા છવાયા ખેપીયાઓ પર પણ ખાસ વોચ રાખી રહી છે ત્યારે આજે ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. ભરત પટેલને બાતમી મળી હતી કે કલોલ તાલુકાના નાસ્મેદ ગામમાં એક મકાનમાં દારૂ-બિયરનું ગેરકાયદે વેચાણ થઈ રહ્યું છે. જેને આધારે એસ.ઓ.જી.ની ટીમે બાતમી વાળા સ્થળે દરોડો પાડી દારૂ-બિયરનો જથ્થો ઝડપી લીધો હતો. નાસ્મેદ ગામમાં બુટલેગર પ્રવિણજી મોતીજી ઠાકોરના મકાનમાંથી ૨૧ નંગ દારૂની બોટલો અને ૯૦ નંગ બીયરના ટીન મળી આવ્યા હતા. ગાંધીનગર એસ.ઓ.જી. ની ટીમે દારૂ બિયરનો રૂ. ૧૭,૧૦૦ની કિંમતનો જથ્થો જપ્ત કરીને પ્રવિણજી ઠાકોરની ધરપકડ કરી તેના વિરૂદ્ધમાં ગુનો નોંધીને સઘન તપાસ શરૂ કરી છે.

# ગુજરાતના સાંસ્કૃતિક, સામાજિક, કળાકીય અમૂલ્ય વારસાને સાચવવા માતૃભાષા અભિયાનને આવકારીએ

## માતૃભાષા અભિયાન હેઠળ સૌ ગુજરાતીઓમાં સભાનતા આવે અને ગૌરવની લાગણી જાગે તેવા શુભાશય સાથે ગુજરાતની ઓળખ, ગુજરાતનો સામાજિક, કળાકીય અને પરંપરાગત વારસો જાળવવાની માતૃભાષા અભિયાનની સંકલ્પના છે

ગાંધીનગર, તા. ૨

કોઈપણ પ્રદેશની ભાષા તેની સંસ્કૃતિ અને સામાજિક વારસાની ચાડી ખાતી હોય છે. પણ... ભાષા જ અસ્તિત્વ ગુમાવવા જઈ રહી હોય ત્યારે તેનો સાંસ્કૃતિક અને સામાજિક વારસો પણ જોખમાયછે. આવી સ્થિતિમાં સમાજે તેની ભાષાને સાચવવી જોઈએ. વિશ્વમાં એવી ઘણી ભાષાઓ છે જે અંગ્રેજી ભાષાના આવરણ તળે દબાઈ રહી છે. એમાંની એક ભાષા એટલે ગુજરાતી.. ગુજરાતી ભાષાના ભાષકો અને ચાહકોનો વર્ગ ધીમે ધીમે વધી રહ્યો છે અને સમગ્ર વિશ્વમાં વાદળની કોરે રહેલી 'સિલ્વર લાઈન' જેમ ચળકવા લાગ્યો છે તેમ છતાં ગુજરાતી ભાષકો અને ચાહકો માત્ર સિલ્વર લાઈનમાં જ નહીં પણ સંપૂર્ણ સૂર્યની જેમ ચમકતા થાય તેવા આશય સાથે તથા ભાષા અને સંસ્કૃતિના જતન માટે માતૃભાષા અભિયાનની ચિનગારી જાણીતા સાહિત્ય વિદ્દો પી.જી. પટેલ, છાયા ત્રિવેદી, રાસુ વકીલ અને રાજેન્દ્ર પટેલે આરંભી છે. જેમાં ગુજરાતના અને સમગ્ર રાષ્ટ્ર, પરદેશમાં વસતા ગુજરાતીઓ જોડાય તેવી અપેક્ષા સેવી છે.

આજે ગુજરાતી ભાષા લખવા કે બોલવાની સભાનતા ગુજરાતીઓ ગુમાવી રહ્યા છે. માતૃભાષા અભિયાન હેઠળ સૌ ગુજરાતીઓમાં સભાનતા આવે અને ગૌરવની લાગણી જાગે તેવા શુભાસય સાથે ગુજરાતની ઓળખ, ગુજરાતનો સામાજિક, કળાકીય અનો પરંપરાગત વારસો જાળવવાની માતૃભાષા અભિયાનની સંકલ્પના છે. શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા સમગ્ર સમાજને, યુવા વર્ગને સવિશેષ લક્ષમાં રાખીને ગુજરાતી પરત્વે સભાનતા કેળવાય અને સાચુ ગુજરાતી લખવા, વાંચવા, બોલવાની ક્ષમતા વધે તે માટેના સઘન પ્રયત્નો કરવાનો અભિયાનનો ઉદ્દેશ છે. શાળા કોલેજ કક્ષાએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી, ગુજરાતી ભાષા સંદર્ભે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવશે. માતૃભાષા અભિયાનમાં ગુજરાતના ખ્યાતનામ ચિંતકો, લેખકો તથા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કર્યું હોય તેવી વ્યક્તિઓ પરમાર્શક તરીકે અને આ કાર્યમાં અભિરૂચિ ધરાવતી વ્યક્તિઓ સીધુ કાર્ય કરવા કાર્યવાહક તરીકે જોડાશે. ગુજરાતભરમાંથી ૫૦ થી વધુ સંયોજકોને જોડવામાં આવશે. જે માતૃભાષાના અભિયાનના સ્થાનિક કાર્યક્રમો સંભાળશે. માતૃભાષા અભિયાન અંતર્ગત દર ૨૧મી ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિને જાહેર રેલીનું તથા સભાનું આયોજન કરાશે. શાળા કોલેજ કક્ષાએ ભાષા ઓલિમ્પિયાડનું આયોજન થશે. વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધા અને તેને અનુરૂપ તાલીમ, શિક્ષકો માટે શિબિર યોજાશે. અંગ્રેજી માધ્યમની શાળાઓમાં સંસ્કૃતિ અને કળાની જાણકારી આપવા ગુજરાતી ભાષા પરિશીલનનો કાર્યક્રમ કરાશે. રાજ્યના વિવિધ સ્થળે કાયમી ધોરણે રસાસ્વાદ મંડળ સ્થાપવાનું પણ આયોજન છે. ઈન્ટરનેટનો ઉપયોગ કરી વિદ્યાર્થી, શિક્ષક તથા અન્ય સુધી પહોંચવું સહકારી ધોરણે રાજ્યના વિવિધ સ્થળે પુસ્તકાલય શરૂ કરવા તથા કમ્પ્યુટર પર ગુજરાતીનો ઉપયોગ વિશાળ પ્રમાણમાં થઈ શકે તે માટે જરૂરી હાર્ડવેર અને સોફ્ટવેરના વિકાસ માટેનો પ્રયત્ન કરાશે. આ કામગીરીમાં સ્વૈચ્છિક સંગઠનો, એનજીઓ પણ જોડાઈ શકશે. શિક્ષક મંડળ રચાય તથા ભાષા શિક્ષણ અંગે જરૂરી ફેરફાર સુધારા વગેરે બાબતે અમલ થાય તેવા પ્રયત્નો કરાશે.

માતૃભાષા અભિયાન અંતર્ગત ગુજરાતના જાણીતા સાહિત્યકારો, શિક્ષણવિદોએ જોડાવાની સંમતિ આપી છે અને ગુજરાતમાં ગુજરાતી ભાષા, માતૃભાષા હૃદયની અમૃતવાણીની જેમ વિશ્વસ્તરે પહોંચેતેવી અભ્યર્થના સૌએ કરી છે. માતૃભાષા અભિયાનનાં સંભવિત કાર્યવાહકોનાં એક જૂથમાં જાણીતા સાહિત્કાર અને શિક્ષણવિદ્ કુમારપાલ દેસાઈ, રાજેન્દ્ર શુકલ, પ્રવીણ દરજી, સતીષ વ્યાસ, ભાગ્યેશ જ્હા, સુમન શાહ, ડૉ. યોગેન્દ્ર વ્યાસ, ડૉ. અરવિંદ ભાંડારી વગેરે તથા માતૃભાષા અભિયાનના સંભવિત કાર્યવાહકોના બીજા જૂથમાં સુધા પંડ્યા, ચંદ્રકાન્ત વ્યાસ, દર્શના ધોળકીયા, પ્રફુલ્લ દવે, કૃષ્ણકાન્ત જ્હા, વિનાયક રાવળ, મીનળ દવે વગેરે રહેશે. કાર્યવાહકોની બંને જૂથની એક બેઠકમાં અભિયાનની કાર્ય પદ્ધતિ, માળખા વિશે તથા સૂચિત મહત્વના કાર્યક્રમો અંગે વિસ્તૃત માહિતી રજૂ થશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪

સૂર્યાસ્ત : ૫.૫૨

## તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**: સ્ક્રીન-૧ :**

લાઈફ ઑફ પાય(હિન્દી) : ૧૦.૦૦

તલાશ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦,૧૦.૧૫

**: સ્ક્રીન-૨ :**

તલાશ : ૧૦.૦૦,૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**: સ્ક્રીન-૩ :**

લાઈફ ઑફ પાય (હિન્દી) : ૧૧.૧૫, ૭.૪૫

તલાશ : ૨.૧૫, ૫.૦૦, ૧૦.૧૫

**: સ્ક્રીન-૪ :**

તલાશ : ૧૦.૦૦

જબ તક હૈ જાન : ૧૨.૪૫, ૬.૪૫

સન ઑફ સરદાર : ૪.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

**: સ્ક્રીન-૧ :**

લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૯.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦

ટ્વાલાઈટ પાર્ટ-૨: ૧૧.૪૫

તલાશ : ૯.૩૦

**: સ્ક્રીન-૨ :**

તલાશ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**: સ્ક્રીન-૩ :**

તલાશ : ૮.૦૦, ૧૧.૦૦, ૮.૧૫

સન ઑફ સરદાર : ૨.૦૦

જબ તક હૈ જાન : ૫.૦૦

**: સ્ક્રીન-૪ :**

તલાશ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

તલાશ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**

તલાશ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

**: સ્ક્રીન-૨ :**

સન ઑફ સરદાર : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

**: સ્ક્રીન-૩ :**

જબ તક હૈ જાન : ૧૦.૧૫, ૧.૩૦, ૧૦.૧૫

તલાશ : ૫.૦૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

તલાશ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : રહેઠાણ સંબંધઈ સમસ્યાનું સમાધાન થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : ભાગ્યથી પ્રગતિ અને લાભ થશે. નવા સંબંધ બની શકશે. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : રાજકીય અને વેપારી વર્ગથી લાભ થવાની સંભાવના છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : દૂરદર્શિતા અને બુદ્ધિ ચાતુર્યથી મુશ્કેલી દૂર થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. કૌટુંબિક સમસ્યાઓ રહેશે.

**સિંહ** : અધૂરા કાર્ય સમય પર પૂરા થવાનો યોગ બનશે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : તમારા પ્રયાસો સફળ થશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : આપના પ્રયાસોથી ઉન્નતિનો માર્ગ મોકળો થશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : મકાન અને જમીન સંબંધી કાર્ય થવાનો યોગ. વાંચન લેખનના કાર્યો તરફ ઝોક રહેશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : નવી યોજનાઓની શરૂઆત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. પટેલ પસાભાઈ મગનદાસ (ઉ.વ.૭૫) કૃષ્ણનગર, મુ.પો. દેલવાડ, તા. માણસા, જિ. ગાંધીનગર.